*“હું હંમેશાં મારું ‘ડોનર કાર્ડ’ સાથે જ રાખું છું. તેમાં કહેલું છે કે મારા મૃત્યુ બાદ મારા આખા શરીરનો અગંદાન કરવા માટે અને તબીબી કારણોસર ઉપયોગ કરવામાં આવે. આવું કરવા માટે, હું શક્ય તેટલા વધારે લોકોને પ્રોત્સાહન આપવા ઈચ્છું છું.”*

ડૉ. બાલ મુકુંદ ભલ્લા
કો-ઓર્ડિનેટર, હિન્દુ ઈન્ટરનેશનલ મેડિકલ મિશન
હિન્દુ કાઉન્સિલ યુ.કે.ના ભૂતપૂર્વ પ્રમુખ

## અંગદાન એક અદ્‌ભૂત ભેટ છે - પણ હજુ વધારે દાનીઓની જરૂર છે

દરેક વ્યક્તિ તફાવત લાવી શકે છે
કૃપા કરીનેઃ
- તમારાં કુટુંબીજનો સાથે વાત કરો
- તમારી ઈચ્છાઓ નોંધાવો
- ડોનર કાર્ડ સાથે રાખો

અંગદાન વિશેની માહિતી નીચેના નંબરેથી મળી શકશેઃ

**ઓર્ગન ડોનર લાઈન**
**0845 60 60 400**
**www.uktransplant.org.uk**

હિન્દુ ધર્મ વિશેની માહિતી અહીંથી મળી શકશેઃ
www.bbc.co.uk/religion

## અંગ પ્રત્યારોપણ જીવન બચાવે છે

Compiled by Rachel Howitt, Bradford Hospitals NHS Trust
Produced by UK Transplant, Fox Den Road, Stoke Gifford, Bristol BS34 8RR
© UK Transplant April 2003



NHS

UK Transplant

# હિન્દુ ધર્મ અને અંગદાન

અંગદાન અને હિન્દુ માન્યતાઓ
વિશેની માર્ગદર્શિકા

Hindu Dharma
and organ donation
Gujarati

## અંગદાન (ઓર્ગન ડોનેશન)

અંગદાન (ઓર્ગન ડોનેશન) એટલે, કોઈ વ્યક્તિના શરીરમાં કોઈ અંગનું પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટ) કરવાની જરૂર હોય તો તેને મદદ કરવા માટે પોતાના અંગનું દાન કરવું. અંગનાં પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટ) દ્વારા દર વર્ષે સેંકડો લોકોનાં જીવન બચાવવામાં આવે છે. મૃત્યુ પામેલાં લોકો દ્વારા જે અંગોનું દાન કરી શકાય, તેમાં હ્રદય, ફેફસાં, કિડનીઓ, લિવર, પૅન્ક્રિઅસ (પાચક પિંડ) અને નાના આંતરડાનો સમાવેશ થાય છે. બીજાંને મદદ કરવા માટે ચામડી, હાડકાં, હ્રદયનાં વાલ્વ અને આંખના પડદા જેવા ટિશ્યૂઓ પણ ઉપયોગી થઈ શકે છે.

## અંગદાન ક્યારે કરી શકાય?

કોઈનું જીવન બચાવવા માટે શક્ય તેટલું બધું જ કરવા માટે ડૉક્ટરો અને નર્સો કટીબદ્ધ છે. કોઈ વ્યક્તિનું જીવન બચાવવાના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા બાદ અને અંગ પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટ) કરનાર ડૉક્ટરોની ટુકડીથી તદ્દન સ્વતંત્ર હોય તેવાં ડૉક્ટર કે ડૉક્ટરો દ્વારા મૃત્યુ બાદનું પ્રમાણપત્ર આપી દેવામાં આવે ત્યારબાદ જ પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટ) કરવા માટે શરીરમાંથી અંગો કાઢી શકાય છે.

દાન કરવામાં આવેલાં મોટા ભાગનાં અંગો, મગજની ગંભીર ઈજાને કારણે મૃત્યુ પામેલાં અને જેમને ઈન્ટેન્સિવ કેર યૂનિટ (અતિ તીવ્રતાની સારવાર માટેના વિભાગ)માં વેન્ટિલેટર (દર્દી પોતાની જાતે શ્વસ ન લઈ શકતાં હોવાને કારણે મશીનની મદદથી શ્વાસ લેવામાં સહાય આપવી તે) ઉપર સારવાર આપવામાં આવેલી હોય તેવાં લોકોમાંથી મળતાં હોય છે. વ્યક્તિને જીવિત રાખવા માટે આવશ્યક હોય તેવા મગજના અત્યંત અગત્યના ભાગને મગજની ઈજાને કારણે નુક્સાન પહોંચ્યું હોય છે. એક વાર આ ભાગોનો નાશ થઈ ગયા બાદ કોઈ વ્યક્તિ જીવિત રહી શકતી નથી. આ ક્યારે થાય છે તે પરીક્ષણોમાં નિર્ણયાત્મક રીતે દેખાઈ શકે છે.

અમુક સંજોગોમાં, હોસ્પિટલમાં મૃત્યુ પામેલાં, પણ વેન્ટિલેટર ઉપર સારવાર ન મેળવતાં હોય તેવાં દર્દીઓ પણ અંગદાન કરી શકે છે. તેમને હ્રદયના ધબકારા બંધ થઈ ગયેલાં દાનીઓ કહેવામાં આવે છે.

કેટલીકવાર હોસ્પિટલમાં મૃત્યુ ન પામેલા લોકો પણ પોતાના ટિશ્યૂઓનું દાન કરી શકે છે.

## મંજૂરી

અંગદાન કરી શકાય તે પહેલાં, દર્દીઓનાં અતિ નિકટનાં સ્વજનોની મંજૂરી અથવા વાંધો નહિ હોવાની સ્વીકૃતિ હંમેશાં લેવામાં આવે છે. એટલા માટે જ લોકોએ પોતાની ઈચ્છાઓ વિશે પોતાનાં સ્વજનો સાથે ચર્ચા કરવાનું ઘણું જ અગત્યનું છે. દાન કરવું એ વ્યક્તિગત પસંદગી છે અને એક જ ધર્મનાં જૂથોની વચ્ચે પણ તે વિશે જુદાં જુદાં મંતવ્યો હોય છે. અંગદાન કરવા માટે સહમત થયેલાં ઘણાં પરિવારોએ કહેલું છે કે પોતાનું સ્વજન ગુમાવવાને લીધે પડેલી ખોટમાંથી કશુંક સારું કામ થયું હોવાનું જાણીને તેમને સારું લાગે છે.

## સંભાળ અને સન્માન

અંગો કાઢવાનું કામ અત્યંત સંભાળથી અને સન્માનપૂર્વક કરવામાં આવે છે. કુટુંબીજનો બાદમાં મૃતદેહ જોઈ શકે છે અને જો કુટુંબીજનોની ઈચ્છા હોય તો કર્મચારીઓ પાદરીનો કે સ્થાનિક ધાર્મિક વડાનો સંપર્ક કરી શકે છે.

# હિન્દુ ધર્મ અને અંગદાન

હિન્દુ ધર્મગ્રંથોમાં અંગદાન (ઓર્ગન ડોનેશન) વિશેના વિચારને ટેકો આપતા અનેક સંદર્ભો છે. કોઈને કશુંક આપવા માટે સંસ્કૃતમાં અસલમાં ‘દાન’ શબ્દ આપવામાં આવ્યો છે. તેનો ખરેખરો અર્થ થાય છે, નિઃસ્વાર્થભાવે કોઈને કશુંક આપવું. દસ *કર્મો* (ધાર્મિક કાર્યો)ની યાદીમાં ‘દાન’ ત્રીજા નંબરે મૂકવામાં આવ્યું છે.

*“દાન કરી શકાય તેવી બધી જ વસ્તુઓમાંથી તમારા પોતાના શરીરનું દાન દેવાનું અત્યંત વધારે ઉચિત છે.”*
*મનુસ્મૃતિ*

હિન્દુઓમાં મૃત્યુ બાદના જીવનની અને પુનર્જન્મ સતત ચાલતી એક પ્રક્રિયા હોવાની માન્યતા ઘણી સખત રીતે પ્રવૃર્તે છે. હવે પછીના જીવનમાં આત્મા ક્યાં જશે તે કર્મનો કાયદો (કારણો અને અસરનો નૈતિક કાયદો) નક્કી કરે છે. શ્રીમદ્ ભાગવદ્ ગીતામાં નાશવંત શરીર અને અમર આત્મા વચ્ચેનો સંબંધ, માત્ર શરીર અને તેની ઉપરનાં કપડાં વચ્ચેનો સંબંધ હોવા તરીકે સરળતાથી વર્ણવવામાં આવ્યો છે.

*“વસામિ જિર્ણાનિ યથા વિહ્યા*
*નાવાનિ ગ્રહન્તિ નારો ‘પરાની*
*તથા શરિરાની વિહ્યા જિર્ણાનિ*
*અન્યાનિ સમયાતિ નવાન્દિ દેહિ”*

*“જેમ વ્યક્તિ જૂનાં ઘરેણાંનો ત્યાગ*
*કરીને નવાં ધારણ કરે છે, તેમ જ આત્મા*
*પણ જૂનું અને નકામું શરીર છોડી દઈને*
*નવું ભૌતિક શરીર પ્રાપ્ત કરે છે.”*
*શ્રીમદ્ ભાગવદ્ ગીતા* અધ્યાય 2:22

વિજ્ઞાન અને તબીબી વિષયોના નિરૂપણના ગ્રંથો (*ચક્ર અને સુશ્રુતા સંહિતા*) વેદોનો એક અગત્યનો ભાગ બનાવે છે. ચક્ર મુનિ આંતરિક દવાઓનું કાર્ય કરે છે, જ્યારે સુશ્રતા મુનિ અંગ અને અવયવોના પ્રત્યારોપણોનાં લક્ષણોનો સમાવેશ કરે છે.

*“હિન્દુ વ્યક્તિ માટે અગત્યની બાબત એ છે કે જીવનને ધર્મ તરીકે (સત્યમાર્ગે જીવવા તરીકે) સ્વીકારવું જોઈએ અને તે જ રીતે જીવવા પ્રોત્સાહિત કરવું જોઈએ. અંગદાન આપણા જીવનનો એક અતૂટ હિસ્સો છે.”*
હસમુખ વેલજી શાહ, આંતરરાષ્ટ્રિય ટ્રસ્ટી અને પી.આર.ઓ. વર્લ્ડ કાઉન્સિલ ઓફ હિન્દુઝ

*“અંગદાન હિન્દુ માન્યતાઓને ટેકો આપે છે, કારણ કે તે બીજાં લોકોનું જીવન બચાવવામાં મદદ કરી શકે છે.”*
શ્રી ઓમ પ્રકારશ શર્મા, એમ.બી.ઈ., પ્રેસિડેન્ટ, નેશનલ કાઉન્સિલ ઓફ હિન્દુ ટેમ્પલ્સ